### સ્માર્ટ વડોદરા કે માત્ર 'કાગળ પર' સફાઈ?

# વોર્ડ 14 માં પાલિકાનું 'વન ડે - વન રોડ' અભિયાન માત્ર દેખાડો કે ફોટો સેશન?

**લહેરીપુરા** અને એમ.જી. રોડ પર દબાણોનો ભરડો યથાવત: સફાઈના ગણતરીના કલાકોમાં જ રસ્તાઓ 'જૈસે થે'



(પ્રતિનિધિ) વડોદરા તા.20

વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરને સ્વચ્છ બનાવવા માટે 'વન ડે - વન રોડ' અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે, પરંતુ જનતા હવે આ કામગીરી સામે સવાલો ઉઠાવી રહી છે. શુક્રવારે વોર્ડ નંબર 14 ના લહેરીપુરા દરવાજા અને એમ.જી. રોડ જેવા શહેરના હાર્દ સમાન વિસ્તારોમાં પાલિકાએ સફાઈ ઝુંબેશ તો હાથ ધરી, પરંતુ આ અભિયાન માત્ર કાગળ પર કે ફોટા પડાવવા પૂરતું જ સીમિત હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે.

સ્થાનિક નાગરિકોનો આક્ષેપ છે કે પાલિકાની ટીમ સફાઈ કરીને જાય તેના ગણતરીના કલાકોમાં જ પરિસ્થિતિ ફરી 'જૈસે થે' થઈ જાય છે. જે દબાણો દૂર કરવામાં આવે છે, તે ટૂંકા સમયમાં પુનઃ સ્થાપિત થઈ જાય છે. સવાલ એ ઊભો થાય છે કે આ દબાણો ફરી ન થાય તેની તકેદારી રાખવાની જવાબદારી કોની? શું પાલિકા પાસે આના કાયમી નિકાલ માટે કોઈ આયોજન છે ખરું?

શહેરના મધ્યમાં આવેલો આ વિસ્તાર કાયમી ધોરણે ગેરકાયદેસર દબાણોથી ઘેરાયેલો રહે છે. અહીં રીક્ષા ચાલકો, પથારાવાળા અને લારી-ગલ્લાના કારણે રસ્તાઓ સાંકડા બની ગયા છે. આડેધડ પાર્કિંગને કારણે સવારથી સાંજ સુધી ટ્રાફિક જામની સમસ્યા વિકરાળ બની છે. સૌથી વધુ ચિંતાજનક બાબત એ છે કે આ વિસ્તારમાં ટ્રાફિક એટલો પ્રચંડ હોય છે કે જો કોઈ આકસ્મિક ઘટના બને કે આગ લાગે, તો એમ્બ્યુલન્સ કે ફાયર બ્રિગેડ જેવા વાહનોને પસાર થવું અશક્ય બની જાય છે. લોકો પૂછી રહ્યા છે કે શું પાલિકા કોઈ મોટી હોનારતની રાહ જોઈ રહી છે? જનતાની માંગ છે કે જો વડોદરાને સાચા અર્થમાં 'સ્માર્ટ સિટી' બનાવવું હોય, તો માત્ર રસ્તા સાફ કરવાથી કંઈ નહીં વળે. પાલિકાએ સંતોષ માની બેસી રહેવાને બદલે આ ગંભીર દબાણો દૂર કરવાને પ્રાથમિકતા આપવી જોઈએ. માત્ર અભિયાન ચલાવવાને બદલે કાયમી અમલીકરણ અને કડક કાર્યવાહીની જરૂર છે તેવું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.

## લગ્નની લાલચ આપી મહિલા પર દુષ્કર્મ ગુજારનાર ઝડપાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.20

વડોદરા શહેરના સોમાતળાવ વિસ્તારમાં આવેલી પ્રેસકોટ રસિડેન્સમાં રહેતા જયદીપ અંબાલાલ સોલંકી દ્વારા મહિલાના લગ્નની લાલચ આપીને અવાર અવાર બીભત્સ માગણી કરવામાં આવતી હતી. ગત 17 માર્ચના રોજ આરોપી મહિલાના સાંજના સાડા ચાર વાગ્યાના અરસામાં ઈલોરાપાર્ક વિસ્તારમાં તેના મિત્રના મકાનમાં લઈ આવ્યો હતો અને મહિલા સાથે બળજબરીપૂર્વક શારીરિક સંબંધ બાંધ્યો હતો. ત્યારબાદ લગ્ન કરવાની પણ ના પાડી દીધી હતી. મહિલાએ ગોરવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જેથી પોલીસ દ્વારા નાસતા ફરતા આરોપી જયદિપ સોલંકીને ઝડપી પાડવા માટે અલગ અલગ ટીમો બનાવી શોધખોળ કરાઈ હતી. દરમિયાન આરોપીને સીસીટીવી તથા હ્યુમન સોર્સિસના આધારે ઝડપી પાડવામાં આવ્યો છે. પોલીસે આરોપીની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### આરોપી ઓફિસને તાળું મારી અને ફોન પણ બંધ કરી નાસતો ફરતો હતો

# PM આવાસનું મકાન અપાવવાના બહાને 16 લોકો સાથે છેતરપિંડી કરનાર ઠગ ઝડપાયો

**ગોરવા** પોલીસની ટીમે આરોપી હરીશ ચૌહાણને કરજણમાંથી દબોચી લીધો

### પૂછપરછ કરવા આરોપી 5 દિવસના રિમાન્ડ પર

પ્રધાનમંત્રી આવાસના યોજનાના મકાનમાં અપાવવાના બહાને આચરવામા આવેલી ઠગાઇના કોણ કોણ સામેલ છે. અન્ય કોઇ લોકો પાસે પણ આવી રીતે છેતરપિંડી આચરવામાં આવી છે કે નહી, ડુપ્લિકેટ દસ્તાવેજો કોની સાથે બનાવતો હતો. તથા ઠગાઇના નાણા રિકવર કરવા સહિતના વધુ પૂછપરછ કરવા માટે આરોપીના 5 દિવસના રિમાન્ડ ગોરવા પોલીસે મેળવ્યાં છે.

(પ્રતિનિધિ) નવડોદરા તા.20

વડોદરા શહેરમાં પ્રધાનમંત્રી આવાસ યોજનામાં મકાન અપાવવાના બહાને 16 જેટલા લોકો પાસેથી રૂપિયા 40.17 લાખની પડાવી છેતરપીંડી આચરવામાં આવી હતી. ત્યારે આ ઠગાઈના આરોપી હરીશ ચૌહાણની ગોરવા પોલીસ દ્વારા કરજણમાંથી ધરપકડ કરાઈ છે.

વડોદરા શહેરના ગોરવા સુભાનપુરા વિસ્તારમાં સમતા રોડ ઉપર આવેલા વૈકુંઠ ફ્લેટમાં રહેતા વર્ષાબેન પાઠક એજન્ટ હરીશ જશુભાઈ ચૌહાણના સંપર્કમાં આવ્યાં હતા ત્યારે તેણે પ્રધાનમંત્રી આવાસ યોજનામાં મકાનના અપાવવાના બહાને વિશ્વાસ અપાવ્યો હતો. વર્ષાબેનને પોતાની ઓફિસ મારફતે તેમણે પોતે વડોદરા મહાનગરપાલિકામાં એજન્ટ હોવાનો દાવો કરતા મહિલાને ભરોષો આવી ગયો હોય પ્રોસેસિંગ માટે રૂપિયાની માંગણી કરી હતી તે મુજબ જાન્યુઆરી 2025 થી ઓક્ટોબર 2025 દરમિયાન આરોપીને અલગ-અલગ તારીખે ઓનલાઈન ટ્રાન્ઝેક્શન દ્વારા રૂપિયા 1.83 લાખ જેટલી રકમ ચુકવી હતી. આરોપીએ ડિસેમ્બર 2025 સુધીમાં મકાન આપવાનો વાયદો આપ્યો હતો. પરંતુ સમય પસાર થયા છતાં મકાનનો કબજો ઠગ દ્વારા આપવામાં આવ્યો નહીં. વર્ષા બેને ઠગની ઓફિસ પર પહોંચતા ઓફિસ બંધ હતી અને ફોન પણ ઉપાડતો ન હતો. જેથી તેમણે તપાસ કરી હતી. આ મહાઠગ હરીશ ચૌહાણે અન્ય 15 લોકોને સાથે રૂપિયા લઈ લીધા હતા પરંતુ આવાસનું મકાન નહી અપાવ્યું હોવાનું માલુમ પડ્યું હતું. આમ હરીશ ચૌહાણે 16 લોકોને આવાસ યોજનામાં મકાન અપાવવાનો ખોટો વાયદો કરીને તેમની પાસેથી રૂ. 40.17 પડાવી છેતરપિંડી આચરી હોવાની ફરિયાદ ગોરવા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. ત્યારે ગોરવા પોલીસ દ્વારા ઠગ હરીશ ચૌહાણ(રહે. સુથાર ફળિયુ, અકોટા)ની કરજણથી ધરપકડ કરાઈ હતી.

## કાશી વિશ્વનાથ મંદિર અને મકરપુરા GIDC વિસ્તારમાંથી દબાણોનો સફાયો

**10 પતરાના** શેડ તોડી પડાયા, પાલિકાએ 15 ટ્રક ભરીને સામાન જપ્ત



(પ્રતિનિધિ) વડોદરા તા.20

વડોદરા મહાનગર સેવા સદન દ્વારા શહેરના માર્ગોને ટ્રાફિકમુક્ત કરવા અને ફુટપાથ ખુલ્લી કરાવવા માટે આક્રમક અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આજે શહેરના રાજમહેલ રોડ, કાશી વિશ્વનાથ મંદિર અને માંજલપુર સહિતના વિવિધ વિસ્તારોમાં દબાણ નિરોધક શાખાની ટીમે ધસી જઈને ગેરકાયદેસર દબાણો પર હથોડો ઝીંક્યો હતો.

વડોદરાના રાજમહેલ મેઈન રોડ પર કાશી વિશ્વનાથ મંદિર પાસે અને મહેતાપુરા વિસ્તારમાં લાંબા સમયથી લારી-ગલ્લા અને પતરાના શેડના કારણે રસ્તો સાંકડો થઈ ગયો હતો. રાહદારીઓને ચાલવા માટે બનાવેલી ફુટપાથો પર વેપારીઓએ અને લારીધારકોએ અડિંગો જમાવ્યો હોવાની ફરિયાદો ઉઠી હતી. જેના પગલે આજે સવારથી જ પાલિકાની ટીમ પોલીસ બંદોબસ્ત સાથે ત્રાટકી હતી. તંત્રએ જેસીબીની મદદથી જાહેર માર્ગ પર નડતરરૂપ એવા 10 જેટલા લોખંડના અને પતરાના શેડ તોડી પાડ્યા હતા.

આ ઉપરાંત, દક્ષિણ ઝોનમાં આવતા માંજલપુર અને મકરપુરા જીઆઈડીસી વિસ્તારના મુખ્ય માર્ગો પર પાલિકાની ટીમે સ્થળ પરથી 5 જેટલી મોટી કેબિનો ઉઠાવી લીધી હતી અને રસ્તા પર નડતરરૂપ અન્ય ચીજવસ્તુઓ મળીને કુલ 15 ટ્રક જેટલો માલસામાન જપ્ત કરી તેને પાલિકાના ગોડાઉન ખાતે ખસેડ્યો હતો.

### ગોરવા પંચવટીમાં પાનની દુકાનની આડમાં વિદેશી દારૂનું વેચાણ થતુ હતું

# એસએમસીની રેડ, વિદેશી દારૂ સહિત રૂ.29.53 લાખનો મુદ્દામાલ કબજે કરાયો

**13 આરોપીની** ધરપકડ, લિસ્ટેડ બુટલેગર ભાવેશ પટેલ-સપ્લાયર દેવનાથ યાદવ સહિત 6 વોન્ટેડ



(પ્રતિનિધિ) વડોદરા તા.20

વડોદરા શહેરના ગોરવા પંચવટી વિસ્તારમાં સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા દરોડો પાડીને પાનની દુકાન તથા કારમાંથી રૂ.10.46 લાખનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડયો હતો. જેમાં દારૂ લેવા માટે આવેલા 13 ગ્રાહકોને દબોચી લેવામાં આવ્યા હતા. જ્યારે લિસ્ટેડ બુટલેગર ભાવેશ પટેલ તથા સપ્લાયર નહી પકડાતા તેમને વોન્ટેડ જાહેર કરાયાં છે. વિદેશી દારૂનો જથ્થો ,ત્રણ કાર, એક થ્રી વ્હીલર, 11 ટુવિલર અને અને 16 મોબાઇલ તેમજ રોકડ રકમ રૂ 2.60 લાખ સહિત રૂ 29.53 લાખનો મુદ્દામાલ કબ્જે કરીને આગળની કાર્યવાહી માટે જવાહરનગર પોલીસને સોંપવામાં આવ્યો છે.

વડોદરા શહેર અને જિલ્લાના વિવિધ વિસ્તારોમાં ગેરકાયદે ધમધમી રહેલા વિદેશી દારૂના વેચાણ હેરાફેરી અવાર નવાર સપાટો બોલાવવામાં આવતો હોય છે. દરમિયાન એસએમસીની ટીમને બાતમી મળી હતી કે ગોરવા પંચવટી વિસ્તારમાં બુટલેગર ભાવેશ પટેલે મોટી માત્રામાં વિદેશી દારૂ મંગાવ્યો અને આ દારૂનો જથ્થો એક પાનની દુકાનમાં ઉતારવામાં આવ્યો છે. ઉપરાંત કારમાં દારૂનો બોટલો મુકીને તેમાંથી બિન્દાસ રીતે વેચાણ પણ કરવામાં આવી રહ્યું છે. દરમિયાન 19 માર્ચના રોજ સ્ટેટ મોનીટરિંગ સેલની ટીમ દ્વારા ગોરવા પંચવટી વિસ્તારમાં આવેલા ગંગાનગર ખાતે પાનની દુકાનમાં રેડ કરવામાં આવી હતી તપાસ દરમિયાન દુકાન અને કારમાંથી રૂપિયા 10.46 લાખની વિદેશી દારૂનો જથ્થાને મળી આવ્યો હતો. પાનની દુકાન પર દારૂ ખરીદી કરવા આવેલા 13 ગ્રાહકોને પણ દબોચી લેવામાં આવ્યાં હતા. એસએમસીએ વિદેશી દારૂનો જથ્થો, 11 ટુ વ્હીલર, 3 કાર, 1 થ્રી વ્હીલર, 16 મોબાઇલ તથા રોકડા રૂ.2.60 લાખ મળી રૂ.29.53 લાખનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે. બુટલેગર ભાવેશ પટેલ અને સપ્લાયર દેવનાથ 6 લોકોને વોન્ટેડ જાહેર કર્યાં છે.

**આરોપીઓના નામ**

(1) કિરણ ઉર્ફે કિરૂ ચંદ્રસિંહ પરમાર
(2) મહેશભાઇ અરવિંદભાઇ ઠક્કર
(3) સમીર છત્રસિંગ રાવત
(4) મહીપાલસિંહ દોલતસિંહ મહીડા
(5) યુવરાજ રણજીતસિંહ સિંધા
(6) મિતાંગ ગિરીશભાઇ બારીયા
(7) નાનો રઈજી ભુરીયા
(8) વિશ્વજીતસિંહ પુષ્પસિંહ ચૌહાણ
(9) રાકેશ રાજેંદ્રભાઇ પઢિયાર
(10) કલ્પેશ પ્રહલાદભાઇ વસાવા
(11) સાગર ઉર્ફે નેપાલી શંકરભાઇ નેપાલી
(12) અજય ફતેસિંહ સોલંકી
(13) હરપાલસિંહ કિરીટસિંહ સોલંકી
(14) ભાવેશ ઉર્ફે ભાવો મનહરભાઇ પટેલ (વોન્ટેડ)
(15) દેવનાથ ઉર્ફે બાબુ વૃદાવન યાદવ (વોન્ટેડ)
(16) ચાર મોબાઇલ ફોનના ધારકો (વોન્ટેડ)

## ગાજરાવાડીમાં મુખ્ય નલિકા ફાટતા લાખો ગેલન પાણી ગટરમાં વહી ગયું



(પ્રતિનિધિ) વડોદરા તા.20

વડોદરા મહાનગરપાલિકા હાલમાં શહેરને સ્માર્ટ સિટી બનાવવા માટે 'વન ડે વન મિશન'ની બીજી તરફ એક વરવી વાસ્તવિકતા એ છે કે શહેરમાં 'પર ડે' એટલે કે દરરોજ ક્યાંક ને ક્યાંક પીવાના પાણીની મુખ્ય લાઈનોમાં ભંગાણ સર્જાય છે. આજે શહેરના ગાજરાવાડી વિસ્તારમાં આવેલ પટેલ એસ્ટેટ પાસે દત્તનગરમાં પાણીની મુખ્ય પાઈપલાઈન ફાટતા લાખો ગેલન શુદ્ધ પાણીનો વેડફાટ થયો હતો, જેણે પાલિકાની કામગીરી સામે અનેક સવાલો ઉભા કર્યા છે.

ગાજરાવાડી પાસે દત્તનગર વિસ્તારમાં પાણીની મુખ્ય નલિકામાં અચાનક ભંગાણ પડતા જ રસ્તાઓ પર 2 થી 3 ઈંચ વરસાદ પડ્યો હોય તેવી સ્થિતિ સર્જાઈ હતી. સમગ્ર રોડ પર પાણી ફરી વળતા જાણે નદી વહેતી હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા હતા. આ વિસ્તાર ઈન્ડસ્ટ્રીયલ ઝોન હોવાથી સતત ભારે વાહનોની અવરજવર રહે છે. પાણી ભરાવાને કારણે દ્વિચક્રી વાહનચાલકો અને રાહદારીઓને કાદવ અને ઉંડા પાણીમાંથી પસાર થવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

પાલિકાના પાણી પુરવઠા વિભાગના કોઈ પણ જવાબદાર અધિકારી કે કર્મચારી ઘટનાસ્થળે ફરક્યા ન હતા. આટલા મોટા પ્રમાણમાં પીવાનું શુદ્ધ પાણી ગટરમાં વહી જતાં સ્થાનિક રહીશોમાં ભારે રોષ જોવા મળ્યો હતો.

### વિદ્યાર્થીઓને યોગ્ય દિશા મળી રહે તે માટે કરિયર કાઉન્સિલિંગ પર ભાર મૂકાયો

# વિદ્યાર્થી ટેકનોલોજી સાથે અપડેટ રહે તે માટે ચાર્ટડ એકાઉન્ટન્ટ પ્રોફેશનમાં એઆઈ કોર્સ ચલાવાશે

**સપ્તર્ષિ** પ્રોજેક્ટ અંતર્ગત શૈક્ષણિક ક્ષેત્રે ટ્રેન અર્ન લર્નના કન્સેપ્ટ સાથે યુનિવર્સીટીઓ સાથે જોડાણ કરાશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.20

આઈસીએસાઈ દ્વારા વેસ્ટર્ન ઈન્ડિયા રિજનલ કાઉન્સિલના નવનિયુક્ત પદાધિકારીઓ સાથે ચર્ચા સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. ખાસ કરીને વિદ્યાર્થીઓ માટે એક નવી પહેલ કરવામાં આવી છે. વિદ્યાર્થીઓ ટેકનોલોજી સાથે અપડેટ રહે તે માટે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પ્રોફેશનમાં એઆઈનો કોર્સ ચલાવાશે. આઈસીએઆઈ બરોડા બ્રાન્ચના સભ્યો સાથે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ પર ચર્ચા કરવામાં આવી હતી.

ચાર્ટર્ડ એકાઉન્ટન્સી વ્યવસાયના વિકાસ, પ્રોફેશનલ અપગ્રેડેશન, નવી પહેલ અને આવનારી પ્રવૃત્તિઓ અંગે વેસ્ટર્ન રિજનલ કાઉન્સિલના સભ્યોને વિસ્તૃત માહિતી આપી હતી સાથે સીએ પ્રોફેશન સંબંધિત મુદ્દાઓ, વિદ્યાર્થીઓ અને સભ્યો માટેના નવા અવસરો તથા ઈન્સ્ટિટ્યૂટની ભાવિ દિશા અંગે ચર્ચા કરવામાં આવી હતી. વડોદરાએ 38 શાખાઓમાની એક મુખ્ય બ્રાન્ચ છે. શુક્રવારે આયોજિત થયેલા ખાસ ચર્ચા સત્રમાં સભ્યો માટે એઆઈ વિષય પર કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ઉત્સાહપૂર્વક તમામે ભાગ લીધો હતો. વડોદરા બ્રાન્ચ ખાતે એકાઉન્ટ પર કરવામાં આવેલ એકાઉન્ટન્સી ક્ષેત્રે થયેલા પરિવર્તનો અને આ વ્યવસાયના ભવ્ય વારસાને પ્રદર્શિત કરવામાં આવ્યા છે. સભ્યો અને વિદ્યાર્થીઓ માટે નવી પહેલ કરવામાં આવી છે. કોર્પોરેટ ક્ષેત્રમાં કામ કરતાં સીએ સભ્યોને એકબીજા સાથે જોડવા માટે આ પ્લેટફોર્મ શરૂ કરવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓ પણ ટેકનોલોજી સાથે અપડેટ રહે તે માટે આ ખાસ એઆઇ કોર્સનું આયોજન કરવામાં આવ્યું છે. સપ્તર્ષિ પ્રોજેક્ટ અંતર્ગત શૈક્ષણિક ક્ષેત્રે ટ્રેન અર્ન લર્ન કન્સેપ્ટ સાથે કોલેજો સાથે પણ જોડાણ કરવામાં આવી રહ્યું છે. વિદ્યાર્થીઓને યોગ્ય દિશા મળી રહે તે માટે કેરિયર કાઉન્સેલિંગ પર પણ ભાર મુકવામાં આવ્યો છે. આ ઉપરાંત પીએમ મોદીના વિઝનને સાકાર કરવા માટે આઈસીએઆઈ અને વેસ્ટર્ન ઈન્ડિયા રિજનલ કાઉન્સિલ કટિબદ્ધ છે. આ માટે નવી કમિટીની રચના કરવામાં આવી છે. આ સંવાદ કાર્યક્રમમા વર્સ્ટર્ન રિઝનલ કાઉન્સિલ 2026-27 ના પદાધિકારીઓ ચેરમેન સીએ. સૌરભ અજમેરા, વા.ચેરમેન સીએ. રીકીન પટેલ, સેક્રેટરી સીએ. બિશન શાહ તથા ટ્રેઝરર સીએ રાકેશ શાહ ઉપસ્થિત રહ્યા હતા.

## તસ્કરોને ભગવાનનો પણ ડર નથી, માંજલપુરમાં 3 મંદિરને ટાર્ગેટ બનાવ્યાં

**માંજલપુરના** સાંઈ તથા જલારામ તેમજ મહાદેવ મંદિરની દાન પેટીમાંથી રોકડા રૂ.1.56 લાખ ઉઠાવી ગયાં

(પ્રતિનિધિ) વડોદરા તા.20

તસ્કરોએ માંજલપુર વિસ્તારમાં આવેલા ત્રણ મંદિરને ટાર્ગેટ બનાવતા ચકચાર મચી ગઇ છે. મોડી રાત્રીના જ્યુપીટર ચાર રસ્તા પાસેના સાઇ મંદિર તથા માંજલપુર સ્મશાન પાસેના જલારામ તેમજ મહાદેવ મંદિરના દરવાજો તોડીને તસ્કરોએ અંદર પ્રવેશ કર્યો હતો. ત્યારબાદ દાન પેટીઓમાં રહેલા રૂપિયા 1.56 લાખની મતાની ચોરી ફરાર થઈ જતા આ મામલે ફરિયાદ નોધવામાં આવી છે.

માંજલપુર વડસર જીઆઇડીસી રોડ પર વેલા ગજાનંદ પાર્ક સોસાયટીમાં રહેતા મંદિરના પ્રમુખ આનંદભાઈ ભગવાનદાસ સોનવણેએ નોંધાવેલી ફરિયાદ મુજબ તેઓ માંજલપુર વિસ્તારમાં આવેલા જ્યુપીટર ચાર રસ્તા સુસેન પાસે સાઈ મંદિરના છેલ્લા 22 વર્ષથી આ મંદિરના પ્રમુખ તરીકે સેવા આપી રહ્યા છે. મંદિરમાં દાન પેટી રાખવામાં આવી હતી. દર મહિને આ પેટી ખોલીને રકમ બેંકમાં જમા કરાવવામાં આવે છે. ગત 13 માર્ચના રોજ મંદિરના મહારાજ નૈનેશભાઈ દત્તાત્રેયભાઈ ત્રિવેદીએ મંદિરનો દરવાજો બંધ કરીને ઘરે ગયા હતા. બીજે દિવસે સવારે 6 વાગ્યે મહારાજ મંદિરે પહોંચ્યા ત્યારે દરવાજાનું તાળું તુટેલુ હતું. તેમણે તરત આનંદભાઈને ફોન કર્યો હતો. આનંદભાઈ તાત્કાલિક સ્થળે પહોંચ્યા અને જોયું કે અજાણ્યા ચોરે તાળું તોડીને અંદર પ્રવેશ કર્યો હતો અને દાન પેટીમાં રૂ.1.50 લાખની રોકડ રકમ ચોરી ફરાર થઈ ગયાં હતા. જ્યારે બીજા બનાવમા માંજલપુર સ્મશાન પાસે આવેલા જલારામ મંદિર તથા મહાદેવ મંદિરમાં આજ દિવસે ચોરીની ઘટના સામે આવી હતી. મોડી રાત્રીના ત્રાટકેલા તસ્કરો દાનપેટીમાંથી રૂપિયા 6 હજારની રોકડની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. પોલીસે આસપાસના સીસીટીવી ફૂટેજ આધારે તસ્કરોનું પગેરુ મેળવવાની તજવીજ હાથ ધરાઇ છે.

### જાનથી મારી નાખવાની ધમકી આપતા યુવકે હુમલાખોર સામે પોલીસ ફરિયાદ નોંધાવી

# મકરપુરા જીઆઈડીસીની કંપનીમાં કામ કરતા કર્મી પર લાઈનચાર્જનો ચાકુથી હુમલો

**ઈજાગ્રસ્તને** સારવાર માટે એસએસજીમાં હોસ્પિટલમાં ખસેડાયો



(પ્રતિનિધિ) વડોદરા તા.20

વડોદરા શહેરના મકપુરા જીઆઈડીસીમાં આવેલી ખાનગી કંપનીમાં કામ કરતા કર્મચારી પર તેમના લાઈન ઈન્ચાર્જે છરીથી હુમલો કર્યો હતો. ગંભીર રીતે ઘાયલ થયેલા કર્મચારીને સારવાર માટે સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. યુવકે માંજલપુર પોલીસ મથકમાં હુમલાખોર વિરુદ્ધ ફરિયાદ નોધવવામાં આવતા પોલીસે તેને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી છે.

તરસાલી વિસ્તારમાં આવેલી રાજનગર સોસાયટીમાં રહેતા અશોકભાઇ કંજલાભાઇ રાઠવાએ નોંધાવેલી ફરિયાદ તેઓ મકપુરા જીઆઈડીસીમાં આવેલી બરોડા બુશીંગ ઈન્સુલેટર પ્રા. લિ. કંપનીમાં કોપર કર્વાલીટી ચેક ડિપાર્ટમેન્ટમાં છેલ્લા ત્રણ મહિનાથી નોકરી કરે છે. ગત રોજ તેઓ સવારે કંપનીમાં કામ દરમિયાન લાઈન ઈન્ચાર્જ રાજેન્દ્ર રાઠવા યુવકને ટેબલ પર બેઠેલો જોઈને ગુસ્સે થઈ ગયાં હતા અને તારે આ ટેબલ પર બેસવાનું નથી તેમ કહ્યું હતું. થોડીવાર બાદ યુવક ત્યાંથી ઉભા થઈ ગયો હતો અને કામ ચાલુ રાખ્યું હતું. સાંજના આશરે 7.30 વાગ્યે ડ્યુટી પૂરી કરીને તેઓ કંપનીના ગેટ પાસેથી બહાર નીકળતા સમયે રાજેન્દ્ર રાઠવા ત્યાં ઉભો હતો. યુવકે તેમને પૂછ્યું કે મને ટેબલ પર કેમ બેસવા દેતા નથી? આના જવાબમાં રાજેન્દ્ર રાઠવાએ ગંદી ગાળો બોલવા લાગ્યો હતો અને તને આજે જાનથી મારી નાખીશ તેવી ધમકી કહેવા લાગ્યો હતો. ત્યારબાદ બાઈકમાંથી છરી કાઢી અને અચાનક પેટ તથા નાભી પાસે ડાબી બાજુએ ઘા માર્યા હતા. જેના કારણે યુવક ગંભીર ઈજા પહોંચતા બુમાબુમ કરી હતી. જેથી કંપનીના અન્ય કર્મચારીઓ દોડી આવ્યા અને ઈજાગ્રસ્તને 108 ઈમર્જન્સી એમ્બ્યુલન્સમાં યુવકને સયાજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જેથી માંજલપુર પોલીસે ગુનો નોંધી હુમલાખોરને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

### કાયદો અને વ્યવસ્થાના લીરેલીરા ઉડાવતો વિડિયો સોશિયલ મીડિયામાં વાયરલ

# અટલાદરામાં જૂની અદાવતમાં યુવક પર લોખંડના પાઈપથી જીવલેણ હુમલો

**છોડાવવા** માટે વચ્ચે પડેલા મિત્રને લાકડાના ડંડાના ફટકા માર્યા

(પ્રતિનિધિ) વડોદરા તા.20

કાયદો અને વ્યવસ્થા તેમજ પોલીસનો કોઈ પ્રકારનો લોકોને ડર રહ્યો જ ન હોય તેમ વડોદરા શહેરમાં જીવલેણ હુમલાના બનાવો નોંધાઈ રહ્યા છે. ત્યારે વધુ એક હિંસક હુમલાની ઘટના સામે આવે છે. અટલાદરા વિસ્તારમાં જૂની અદાવતે યુવક પર લોખંડના પાઈપથી જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. યુવકને બચાવવા આવેલા મિત્રને લાકડીના ફટકા મારવામાં આવ્યા હતાં. ગંભીર રીતે ગવાઈ ગયેલા બંને મિત્રોને ગોત્રી હોસ્પિટલમાં ખસેડાયા હતા. સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. આ વીડિયોના આધારે પોલીસે ચાર આરોપીઓ સામે સામે કાર્યવાહી શરૂ કરી છે.

વડોદરા શહેરના અક્ષર ચોક પાસે રહેતા અને અલ્કાપુરી વિસ્તારમાં મોબાઈલ ટાવર ટેકનિશિયન તરીકે કામ કરતા ધવલભાઈ રમેશભાઈ ચૌહાણે નોંધાવેલી ફરિયાદ મુજબ અગાઉ તે વાસણા રોડ વિસ્તારમાં રહેતા સમયે પડોશમાં રહેતા તરુણ ઠાકોર સાથે તેમની સામાન્ય બોલાચાલી થઈ હતી. જેની અદાવત રાખીને 15 માર્ચની રાત્રે સાડા નવ વાગ્યે તરુણ ઠાકોરે ધવલભાઈને ફોન કરીને તેઓ ક્યાં છે તે પૂછ્યું હતું. ધવલભાઈએ પોતે સનફાર્મા રોડ પર જ્યુપિટર હોસ્પિટલ નજીક હોવાનું જણાવતા તરુણ ઠાકોર તેના અન્ય ત્રણ સાથીઓ સાથે ત્યાં પહોંચી ગયો હતો. ત્યારબાદ તેમની સાથે ગાળાગાળી શરૂ કરી હતી. આ દરમિયાન રિકેશ બારીયાએ ધવલભાઈને ધક્કો મારી નીચે પાડી દીધા બાદ તરુણ ઠાકોરે મોપેડમાંથી લોખંડની પાઇપ કાઢી ધવલભાઈના માથામાં જોરદાર ફટકો માર્યો હતો.

વધુ મારમાંથી છોડાવવા માટે મિત્ર સુનિલભાઈ વચ્ચે પડતાં વિક્રમ ઉર્ફે એરટેલ નાયકે લાકડાના ડંડાથી તેમના પર હુમલો કર્યો હતો. હુમલા બાદ ધવલભાઈ લોહીલુહાણ જમીન પર પડી જતા ચારેય હુમલાખોરો સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા. દરમ્યાન કોઈ અજાણ્યા રાહદારીએ 108 એમ્બ્યુલન્સને ફોન કરી બોલાવતા બંને ઈજાગ્રસ્તો મિત્રોને તાત્કાલિક ગોત્રી જનરલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. યુવકની ફરિયાદના આધારે અટલાદરા પોલીસે હુમલાખોર તરુણ ઠાકોર, ભાવેશ પરમાર, વિક્રમ ઉર્ફે એરટેલ નાયક અને રિકેશ બારીયા વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## કારેલીબાગમાં ડિસેમ્બરમાં કોઈ દારૂ ભરેલી ટ્રક પકડાઈ નહોતી

(પ્રતિનિધિ) વડોદરા તા.20


વડોદરા શહેરના કારેલીબાગ વિસ્તારમાં ગત 22 ડિસેમ્બરના રોજ દારૂ ભરેલો ટ્રક પકડવામાં આવ્યા પછી, સિવિલ ડ્રેસમાં કેટલાક અધિકારીઓ દ્વારા દારૂ ભરેલો ટ્રક વગે કરી અને આ દારૂ સગેવગે કરી કોઇ આરોપીની ધરપકડ નહી બતાવી તોડપાણી કરવામાં આવ્યું હોવાની વિગતોના સમાચાર તા. 23 ડિસેમ્બર 2025ના રોજ છપાયા હતાં.

જોકે, કોઇ એફઆઈઆર કે ગુનો નહી માત્ર લાખોના તોડની ચર્ચાના શિર્ષક હેઠળના આ સમાચારની વધુ તપાસ કરતા એવું જાણવા મળ્યું છે કે કારેલીબાગ વિસ્તારમાં ગત 22 ડિસેમ્બર 2025ના રોજ આવો કોઇ વિદેશી દારૂનો જથ્થો ભરેલો ટ્રક પકડવામાં આવ્યો હોવાની ઘટના બની નથી કે પછી કોઇ સિવિલ ડ્રેસમાં આવી પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓએ ટ્રક વગે પણ કર્યો નથી. જે તે દિવસે કારેલીબાગમાં દારૂ ભરેલા ટ્રકમાંથી મળેલો દારૂ સગે વગે કર્યાનું પણ માલૂમ પડતું નથી.

### મનીષા ચોકડી પાસેના કોમ્પલેક્ષમાં બનેલા ઘટનાથી લોકો ભયભીત

# મ.સ.યુનિ.ના બીએસસીના વિદ્યાર્થી પર પાર્કિંગમાં ઊભા રહેવા મુદ્દે હિચકારો હુમલો

**ગંભીર** રીતે ઘવાયેલા વિદ્યાર્થીને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો



(પ્રતિનિધિ) વડોદરા તા.20

વડોદરા શહેરની મનીષા ચોકડી નજીક આવેલા જલધારા કોમ્પલેક્ષમાં પાર્કિંગમાં ઉભા રહેવાના મુદ્દે થયેલી તકરાર બાદ કેટલાક શખ્સોએ એમ એસ યુનિવર્સિટીમાં બીએસસીનો અભ્યાસ કરતા વિદ્યાર્થી પર હુમલો હુમલો કર્યો હતો. ગંભીર રીતે ઘવાયેલા વિદ્યાર્થીને સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. આ મામલે અકોટા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

વડોદરાના તાંદલજા વિસ્તારના લેન્ડમાર્ક બુશય-2માં રહેતા આફતાફહુસેન યુસુફભાઈ શેખ એમ એસ યુનિવર્સિટીમાં બીએસસીના બીજા વર્ષમાં અભ્યાસ કરે છે, ગત 18 માર્ચની રાત્રે પોતાના મિત્ર સાથે મનીષા ચોકડી જલધારા કોમ્પલેક્ષના પાર્કિંગમાં ઉભા રહી વાતચીત કરી રહ્યા હતા. આ દરમિયાન એક્સ્ટ્રા ઓર્ડીનરી નામની કપડાની દુકાનના માલિક ઉઝેર મેમણે તેમને ત્યાંથી હટી જવા જણાવ્યું હતું.

વિદ્યાર્થી ત્યાંથી નીકળી ગયા હોવા છતાં પોતાની બાઈક પાર્કિંગમાં હોવાથી તેઓ ફરી પરત આવ્યા હતા. તે દરમિયાન તેમનો મિત્ર જાવેદ દુકાનમાં ખરીદી કરવા આવ્યો હતો, ત્યારે આફતાફહુસેન દુકાનની બહાર ઉભા હતા. આ દરમ્યાન ફરી ઉઝેર મેમણ બહાર આવી ઉશ્કેરાયા હતા અને ગાળાગાળી સાથે હુમલો કર્યો હતો. મામલો વધુ ઉગ્ર બનતા જાહિદ મેમણ અને રેહાન નામના અન્ય શખ્સો પણ બહાર આવી ગયા હતા અને ત્રણેએ ભેગા મળીને વિદ્યાર્થીને ઢોર માર માર્યો હતો. સ્થળ પર હાજર લોકોએ વચ્ચે પડી યુવકને વધુ મારામારી બચાવ્યો હતી. હુમલામાં આફતાફહુસેનને માથા, પીઠ અને જમણા હાથની આંગળીમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને ગોત્રી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ડોક્ટરે આંગળીમાં ફ્રેક્ચર થયાનું જણાવ્યું હતું. આફતાફ હુસેનએ જણાવ્યું હતું કે, "મેં તેમને સમજાવવાની કોશિશ કરી કે હું અહીં લડવા નથી આવ્યો, પરંતુ તેમણે મારી એક પણ વાત સાંભળી નહીં. મને માર મારીને નીચે પાડી દીધો અને પછી લાતોથી પણ માર્યો હતો. મારી કોઈ સાથે દુશ્મની નહોતી. આ ઘટનાને લઈને યુવકે અકોટા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપીઓ વિરુદ્ધ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.